રાજકોટ મહાનગરપાલિકા

ઢેબરભાઈ રોડ, રાજકોટ ૩૬૦ ૦૦૧.

રાજકોટ મહાનગરપાલિકા

માહિતી પત્રિકા

પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) - હાઉસિંગ ફોર ઓલ-૨૦૨૨ને અનુરૂપ મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત

મધ્યમ આવક ધરાવતા વર્ગના લોકો માટે (MIG) આવાસ યોજના

શ્રી નરેન્દ્રભાઈ મોદી
માન. વડાપ્રધાન, ભારત

प्रधान मंत्री
आवास योजना-शहरी
Pradhan Mantri Awas Yojana-Urban

શ્રી વિજયભાઈ રૂપાણી
માન. મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

TYPICAL FLOOR PLAN 3D VIEW

રાજકોટ મહાનગરપાલિકા

प्रधान मंत्री आवास योजना-शहरी
Pradhan Mantri Awas Yojana-Urban

માહિતી પત્રિકા

ક્રમ	ઝોન	વોડ નં	ટી.પી.	એફ.પી.	વિસ્તાર	આવાસોની સંખ્યા	માળ
૧	વેસ્ટ ઝોન	૧૧	૫ (નાનામવા)	૩૪૮	જયભીમનગર પાસે, હેવલોક એપાર્ટમેન્ટની સામે, નાનામવા રોડ	૨૬૦	પાર્કિંગ+૧૩ માળ
૨		૧૦	૫ (નાનામવા)	૧૦૪	વસંત માર્વલની બાજુમાં, શિવધામ સોસાયટી સામે, વિમલનગર મેઈન રોડ,	૨૮૮	પાર્કિંગ+૯ માળ
૩		૧	૯ (રાજકોટ)	એસ-૨	૧૫૦ ફૂટ રીંગ રોડ, દ્વારીકાધીશ હાઈટસની સામે, ઑસ્કાર ગ્રીન સીટીની બાજુમાં,	૪૪૮	પાર્કિંગ+૭ માળ
૪		૧૧	૨૭ (મવડી)	૪૮-એ	સેલેનીયમ હાઈટસની સામે, મવડી થી પાળ ગામ રોડ,	૨૭૨	પાર્કિંગ+૯ માળ
						૧૨૬૮	

નોંધ : ઉપરોક્ત દર્શાવેલ સ્થળ પૈકી જે–તે જગ્યા ઉપર હાલ ઉપલબ્ધ આવાસોમાં પાત્રતા ધરાવતા લાભાર્થીઓને કોમ્પ્યુટરાઈઝડ ડ્રો મુજબ આવાસોની ફાળવણી કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા

જયભીમ નગર પાસે, હેવલોક એપાર્ટમેન્ટ સામે, નાનામવા રોડ, ટી.પી.-૫ (નાનામવા), એફ.પી.૩૪૮





CARPET AREA = 60.00 SQ.MT.



રાજકોટ મહાનગરપાલિકા

વસંત મારબલની બાજુમાં, શિવધામ સોસાયટી સામે, વિમલનગર મેઈન રોડ, ટી.પી.-૫ (નાનામવા), એફ.પી.૧૦૪





CARPET AREA = 60.00 SQ.MT.



LAYOUT PLAN

રાજકોટ મહાનગરપાલિકા

૧૫૦ ફૂટ રીંગ રોડ, દ્વારકાધીશ હાઇટસની સામે, ઓસ્કાર ગ્રીન સીટીની બાજુમાં, ટી.પી. ૯ (રાજકોટ), એસ-૨





CARPET AREA = 59.80 SQ.MT.



LAYOUT PLAN

રાજકોટ મહાનગરપાલિકા

સેલેનીયમ હાઇટસની સામે, મવડી થી પાળ ગામ રોડ, ટી.પી. ૨૭ (મવડી), એફ.પી. ૪૮-એ





CARPET AREA = 60.00 SQ.MT.



રાજકોટ મહાનગરપાલિકા

પરિશિષ્ટ-૧

પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY-MMGY) અંતર્ગત મધ્યમ આવક ધરાવતા વર્ગના લોકો માટે (MIG) આવાસ યોજના હેઠળ આવાસ મેળવવા માટેની અરજીની વિગતો અને શરતો :

(૧) અરજદારના કે તેના કુટુંબના સભ્યોના નામ ભારતભરમાં મકાન/પ્લોટ/ફ્લેટ ન હોવું જોઈએ.

(અરજદાર) ભાડે રહેતાં હોય તો તાજેતરના ભાડા કરારની ઝેરોક્ષ નકલ સામેલ રાખવાની રહેશે.)

(કેન્દ્ર સરકારની PMAY (Urban) ની ગાઈડ લાઈન મુજબ કુટુંબમાં પતિ, પત્ની તથા અપરિણીત બાળકોનો સમાવેશ થશે.)

(૨) આ અરજી સાથે કોલમ-૮માં દર્શાવેલ જરૂરી પુરાવાઓની સ્વ-પ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે. અરજદાર અરજી કર્યા પછી કોઈપણ વધારાના પુરાવા રજૂ કરી શકશે નહીં કે સામેલ પુરાવામાં કોઈપણ જાતનાં ફેરફારની અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૩) અરજદારે ફોર્મમાં જણાવેલ સરનામું બદલે તો, તે અંગેની જાણ લેખિતમાં RMCને કરવાની રહેશે. વિકલ્પે પૂરતા સરનામાના અભાવે નોટીસ કે પત્ર પરત આવશે તો, તે માટે RMCની કોઈ જવાબદારી રહેશે નહીં.

(૪) અરજદારની ઉંમર અરજી તારીખના રોજ ઓછામાં ઓછી ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ. આ અંગેના આધારા પુરાવા રજૂ કરવાના રહેશે.

(૫) આ યોજનામાં કુટુંબની ફક્ત એક વ્યક્તિ જ ફોર્મ ભરી શકશે. એક જ કુટુંબમાં એક કરતાં વધારે ફોર્મ ભરેલ હશે તો રદ કરવામાં આવશે તથા આ કિસ્સામાં પ્રથમ હપ્તાની પૂરેપૂરી રકમ જપ્ત કરવામાં આવશે.

(૬) અરજદારના કુટુંબની નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ની મહત્તમ વાર્ષિક આવક રૂ. ૬,૦૦,૦૦૦/- (રૂપિયા છ લાખ) થી રૂ. ૭,૫૦,૦૦૦/- (રૂપિયા સાત લાખ પચાસ હજાર) થી વધુ ન હોવી જોઈએ. (આવક અંગે મામલતદારશ્રીનું નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯નું જ પ્રમાણપત્ર અથવા ઈન્કમટેક્ષ રીટર્ન રજૂ કરવું પડશે.)

(૭) પરિશિષ્ટ-૨ના નમૂના મુજબનું સોગંદનામું રૂ. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર નોટરી પાસે કરાવી ફોર્મ સાથે અસલ સોગંદનામું આપવું આવશ્યક છે. અન્યથા ફોર્મ રદ થવા પાત્ર ગણાશે.

(૮) સોગંદનામા દર્શાવેલ વિગતો અને આપવામાં આવેલી બાંહેધરી કે કોઈપણ અન્ય વિગતો ખોટી રજૂ કર્યાના કિસ્સામાં ફોર્મ રદ કરી આવાસની ફાળવણી રદ કરવામાં આવશે અને ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

(૯) અપરિણીત અરજદારના કિસ્સામાં લગ્ન થયાં નથી તે મુજબનું સોગંદનામું અસલમાં સામેલ રાખવાનું રહેશે અન્યથા ફોર્મ રદ થશે.

(૧૦) આરક્ષિત કેટગરી અંગેની વિગતો અરજદારે ફોર્મમાં દર્શાવવી આવશ્યક છે તથા તેના પૂરતાં આધારો ફોર્મ સાથે સામેલ રાખવા જરૂરી છે. જો પુરતા આધારો સામેલ નહીં હોય તો અરજી અનઆરક્ષિત કેટેગરીમાં ધ્યાને લેવાશે. જેની સામે અરજદાર કોઈ વાદવિવાદ કરી શકશે નહીં.

(૧૧) આ અરજી અંગે કોઈપણ પત્રવ્યવહાર/કામકાજ સંદર્ભે અરજી પત્રક ક્રમાંક નંબર દર્શાવવો આવશ્યક છે.

સહ અરજદારનું નામ તથા પુરી સહી **અરજદારનું નામ તથા પુરી સહી**

(૧૨) અરજદારે નીચે જણાવેલ ટેબલ અનુસારની ચૂકવવાપાત્ર રકમ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિર્ધારિત ખાતામાં ડીમાન્ડ ડ્રાફ્ટથી જમા કરાવી શકશે. જેના ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર રહેશે નહીં.

ક્રમ	વિગત	સમયગાળો	જમા કરાવવાની રકમ રૂા.
૧.	પ્રથમ હપ્તો	ડ્રો થયા બાદ	૧,૨૦,૦૦૦/-
૨.	બીજો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૩.	ત્રીજો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૪.	ચોથો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૫.	પાંચમો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૬.	છઠ્ઠો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૭.	સાતમો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૮.	આઠમો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૯.	નવમો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૧૦.	દસમો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૧૧.	અગીયારમો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૧૨.	બારમો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૧૩.	તેરમો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૧૪.	ચૌદમો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૧૫.	પંદરમો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૧૬.	સોળમો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૧૭.	સતરમો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૧૮.	અઢારમો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૧૯.	ઓગણીસમો હપ્તો		૧,૨૦,૦૦૦/-
૨૦.	વીસમો હપ્તો		૧,૨૦,૦૦૦/-
	કુલ ભરવાની થતી રકમ	**રૂા. ચોવીસ લાખ પૂરા**	**૨૪,૦૦,૦૦૦/-**
૨૧.	મેઈન્ટેનન્સ ડીપોઝીટની રકમ		**૬૦,૦૦૦/-**
	(લઘુતમ કાર્પેટ અંદાજીત ૫૧ થી ૬૦ ચો.મી. પ્રતિ કાર્પેટ રૂા. ૧૦૦૦ લેખે)		(RMCના મેઈન્ટેનન્સ એકાઉન્ટમાં ભરવા)

હપ્તો ભરવા માટે અલગથી નોટીસ આપવામાં આવશે નહીં. તેમજ નાણા ન ભરપાઈ થવાના કિસ્સામાં "RMC" દ્વારા નિયમોનુસાર કાર્યવાહી કરી આવાસની ફાળવણી રદ કરવામાં આવશે. જે અંગે અરજદારનો કોઈ વાંધો રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૧૩) લાભાર્થીએ મેઈન્ટેનન્સ ડિપોઝીટની રકમ ફાળવેલ આવાસના કાર્પેટ એરીયાના પ્રતિ ચો.મી. દીઠ રૂા. ૧૦૦૦/-ના દરે અલગથી "RMC" દ્વારા જણાવેલ બેંકના ખાતામાં ખાતા નંબર દર્શાવી, અલગ કલરની સ્લીપ ભરી, જણાવેલ સમય સુધીમાં જમા કરાવવાના રહેશે.

સહ અરજદારનું નામ તથા પુરી સહી **અરજદારનું નામ તથા પુરી સહી**

(૧૪) અરજદાર દ્વારા ફોર્મ ભર્યા બાદ કોઈ કિસ્સામાં જો રીફન્ડની અરજી કરવામાં આવશે કે કોઈપણ કિસ્સામાં જો આવાસ રદ કરવામાં આવશે ત્યારે નીચે મુજબ વહીવટી રકમની કપાત કરવામાં જે અંગે અરજદાર કોઈ વાંધા અરજી કરી શકશે નહીં.

ક્રમ	કિસ્સો	કપાત થવા પાત્ર રકમ
૧.	અરજીની પ્રાથમિક તપાસ દરમ્યાન કોઈ કારણોસર RMC દ્વારા અરજી રદ કર્યાના કિસ્સામાં અથવા અરજી કર્યાથી ડ્રો સમય સુધીમાં જો અરજદાર દ્વારા અરજી પરત લેવાના કિસ્સામાં	ભરેલ પ્રથમ હપ્તો જપ્ત કરવામાં આવશે.
૨.	આવાસની ફાળવણી બાદ	
i.	આવાસની ફાળવણી બાદ પરંતુ ભાડા કરાર થયા પહેલા અરજદાર દ્વારા આવાસ રદ કરવાના કિસ્સામાં	અરજી સાથે ભરેલ પ્રથમ હપ્તા (ડીપોઝીટ)ની ૧૦૦% તથા પ્રથમ હપ્તો (ડીપોઝીટ) સિવાયની ભરેલ રકમના ૧૦%
ii.	આવાસની ફાળવણી બાદ પરંતુ ભાડા કરાર થયા પહેલા કોઈપણ સમયે RMC દ્વારા કરેલ તપાસમાં જો ભરેલ ફોર્મની શરતોના ભંગ બદલ કે રજૂ કરેલ સોગંદનામામાં દર્શાવેલ વિગતો ખોટી જણાયે RMC દ્વારા આવાસ રદ કરવાના કિસ્સામાં	અરજી સાથે ભરેલ પ્રથમ હપ્તા (ડીપોઝીટ)ની ૧૦૦% તથા પ્રથમ હપ્તો (ડીપોઝીટ) સિવાયની ભરેલ રકમના ૨૦%
iii.	આવાસની ફાળવણી તેમજ ભાડા કરાર થયા બાદ કોઈપણ સમયે અરજદાર દ્વારા આવાસ રદ કરવાના કિસ્સામાં	અરજી સાથે ભરેલ પ્રથમ હપ્તા (ડીપોઝીટ)ની ૧૦૦% તથા પ્રથમ હપ્તો (ડીપોઝીટ) સિવાયની ભરેલ રકમના ૧૦%
iv.	આવાસની ફાળવણી તેમજ ભાડા કરાર થયા બાદ કોઈપણ સમયે RMC દ્વારા કરેલ તપાસમાં જો RMC દ્વારા ભરેલ ફોર્મની શરતોનો ભંગ કે રજૂ કરેલ સોગંદનામામાં દર્શાવેલ વિગતો ખોટી જણાયે RMC દ્વારા આવાસ રદ કરવાના કિસ્સામાં	અરજી સાથે ભરેલ પ્રથમ હપ્તા (ડીપોઝીટ)ની ૧૦૦% તથા પ્રથમ હપ્તો (ડીપોઝીટ) સિવાયની ભરેલ રકમના 30%

નોંધ : ઉપરોક્ત કિસ્સામાં ભાડા કરાર થઈ ગયા બાદ જો આવાસ રદ કરવામાં આવશે તે સંજોગોમાં અરજદારે સ્વખર્ચે ભાડા કરાર ફરી RMC ની તરફેણમાં કરી આપવાનો રહેશે.

(૧૫) RMC ની નીચે મુજબની સાઈટ પર આવાસ બનાવવામાં આવનાર છે.

સાઈટનો ઉલ્લેખ

* સરકારશ્રીના નિયમોનુસાર નીચે દર્શાવેલ મુજબ અનામતની ટકાવારી રહેશે.

અનામત સહ આવાસની સંખ્યા					
એસ.ટી.	એસ.સી.	ઓ.બી.સી.	દિવ્યાંગ	ડીફેન્સ	સામાન્ય
૧૪%	૭%	૧૦%	3%	૧૦%	૫૬%

અનામત કેટેગરીમાં લાભાર્થીઓની અરજીઓ પૂરતા પ્રમાણમાં ન મળ્યેથી અનામત રાખવામાં આવેલ આવાસો સામાન્ય કેટેગરીના અરજદારોને ડ્રોમાં ફાળવવામાં આવશે.

સહ અરજદારનું નામ તથા પુરી સહી

અરજદારનું નામ તથા પુરી સહી

(૧૬) આ યોજના હેઠળ આવાસોનો લઘુત્તમ કાર્પેટ વિસ્તાર અંદાજીત ૫૧.00 થી ૬0.00 ચો.મી. રહેશે. જેમાં ત્રણ રૂમ, એક હોલ, રસોડુ, બાથરૂમ/ટોયલેટ સાથે સુવિધા આપવામાં આવશે.

(૧૭) આવાસની તથા આવાસના સ્થળની ફાળવણી કોમ્પ્યૂટર ડ્રો પદ્ધતિથી કરવામાં આવશે, જે આવાસ ફાળવણીની --- ની ગાઈડલાઈન અને ધારાધોરણ પ્રમાણે રહેશે. અરજદારને ફાળવવામાં આવેલ આવાસની કોમ્પ્યૂટર ડ્રો દ્વારા ફાળવણી બાદ યોજના સ્થળ કે આવાસ બદલવાની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૧૮) આ આવાસ યોજનાની જમીનની માલિકી RMC ની રહેશે અને આ આવાસો ૯૯ વર્ષના ભાડા પટ્ટેથી આપવામાં આવે છે.

(૧૯) અરજદાર દ્વારા નિયત રકમ પૂરેપૂરી ચૂકવ્યા બાદ અથવા RMC દ્વારા બાંધકામ વપરાશ પરવાનગી મળ્યા બાદ જે મોડું હોય ત્યારબાદ ભાડા કરાર કરી આપવામાં આવશે. RMC દ્વારા નિયત કરવામાં આવે તેવી શરતોને આધીન લાભાર્થીની તરફેણમાં કન્વેયન્સ ડીડ/ભાડા કરાર RMC દ્વારા નક્કી થયેલ પેનલ એડવોકેટ પાસે આવાસ ધારકના ખર્ચે કરાવવાનો રહેશે. અન્ય વકીલશ્રી પાસેથી ભાડા કરાર કરવાની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. સમય અને સંજોગો અનુસાર અથવા અન્ય વહીવટી કારણોસર આવાસનું પઝેશન મોડું થવાના કિસ્સામાં કોઈપણ પ્રકારની વાંધા અરજી કરી શકાશે નહીં.

(૨૦) આવાસનો કબ્જો મેળવતાં પહેલાં અરજદારોએ કન્વેયન્સ ડીડ/ભાડા કરાર કરવાનો રહેશે. પરિણીત લાભાર્થીના કિસ્સામાં ફાળવવામાં આવેલ આવાસોનું લાભાર્થી દ્વારા પત્ની/પતિના સંયુક્ત નામે સ્ટેમ્પ ડ્યુટી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ અંગેનો ખર્ચ લાભાર્થીએ ભોગવવાનો રહેશે. RMC દ્વારા ભાડા કરારનો પત્ર મલ્યાના દિવસ-૧0માં ભાડા કરાર કરાવી લેવાનો રહેશે. ભાડા કરાર મોડું કરાવવાના કિસ્સામાં વગર નોટીસે આવાસની ફાળવણી રદ કરવામાં આવશે અને નિયમ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૨૧) ફોર્મ ભર્યા સમયે અપરિણીતના કિસ્સામાં (૧) જો ભાડા કરાર પહેલા લગ્ન કરવામાં આવશે તો ભાડા કરારમાં પતિ-પત્નીના સંયુક્ત નામે ભાડાકરાર કરવાનો રહેશે. (૨) જો ભાડા કરાર સુધીમાં લગ્ન થતા નથી તે કિસ્સામાં ભાડા કરાર સમયે તાજુ અપરિણીતનું સોગંદનામું પુનઃ રજૂ કરવાનું રહેશે.

(૨૨) આવાસની ફાળવણી બાદ અરજદાર કે સહ અરજદાર (બેમાંથી કોઈપણ એક)ના અવસાનના કિસ્સામાં જો નામ કમી કરવાનું થતું હશે અથવા અરજદાર તેમજ સહ અરજદાર બન્નેના અવસાનના કિસ્સામાં વારસદારની તરફેણમાં ભાડા હક્ક તબદીલ કરવાનો હશે ત્યારે કોર્ટનો હુકમ/વારસાઈ આંબો રજૂ કરવો જરૂરી હશે. તેમજ આ અંગેનો તમામ ખર્ચ અરજદારે ભોગવવાનો રહેશે.

(૨૩) લાભાર્થી ૭ (સાત) વર્ષ સુધી તેઓને ફાળવવામાં આવેલ આવાસ વહેંચી શકશે નહીં અથવા લીઝથી આપી શકશે નહીં. સદરહું બાબતમાં ચૂક જણાશે તો તેઓની ફાળવણી રદ કરવામાં આવશે અને ફાળવેલ મકાન જપ્ત કરવામાં આવશે અને નિયમો અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

(૨૪) આવાસની ફાળવણી બાદ જો કોઈ વિગતો છૂપાવેલી હશે અથવા ખોટી માલુમ પડશે તો RMC દ્વારા ફાળવેલ આવાસ રદ થશે.

(૨૫) ફાળવેલ આવાસ વેચાણ આપવા અંગે અથવા ફાળવણી કરાર અંગેની કોઈપણ બોલી કે શરતોનો ભંગ થવાના કિસ્સામાં અથવા તો આ આવાસનો કોઈપણ રીતે અનઅધિકૃત, ગેરવાજબી, ગેરકાયદેસર કે વિવાદાસ્પદ ઉપયોગ થવાના કિસ્સામાં અથવા ફાળવેલ આવાસનો ધંધાકીય કે રહેણાંક સિવાય અન્ય ઉપયોગ કરવાના કિસ્સામાં આવાસ લાભાર્થી તેના કૃત્ય બદલ સંપૂર્ણપણે જવાબદાર રહેશે. આવું કૃત્ય કરનાર સામે વગર નોટીસે આવાસનો કબ્જો પરત લેવામાં આવશે અને ફાળવણી રદ કરવામાં આવશે.

સહ અરજદારનું નામ તથા પુરી સહી

અરજદારનું નામ તથા પુરી સહી

(૨૬) આ આવાસોની RMC દ્વારા ફાળવણી કર્યા બાદ આવાસો કે આવાસ સંકુલ કે તેના કોઈ ભાગને કુદરતી અથવા કૃત્રિમ કારણોસર નુકશાન થાય તો તે અંગેની જવાબદારી આવાસ ધારક વ્યક્તિની રહેશે તથા આ અંગે RMC સામે કોઈપણ જાતનો નુકશાનીનો હક્ક દાવો કરી શકશે નહીં.

(૨૭) A.O.P. અથવા આવાસ લાભાર્થી આવાસોની અગાશી અથવા આસપાસ કોઈપણ પ્રકારનું હંગામી કે સ્થાયી બાંધકામ કરી શકશે નહીં. આ આવાસોના અગાશી કે કોઈપણ માળે ખુલ્લી જગ્યા બાંધકામનો હક્ક RMC પાસે અબાધિત રહેશે.

(૨૮) આવાસ યોજનાને લગતી સહિયારી સુવિધાઓ અંગે સ્થળ દીઠ A.O.P. રજીસ્ટર કરાવવાનું રહેશે અને સહિયારી સુવિધાઓ અંગેનો વહિવટ સંભાળી લેવાનો રહેશે. લાભાર્થીએ ભાડા કરવાની સાથોસાથ A.O.P.નું સભ્યપાદ મેળવી લેવાનું રહેશે.

(૨૯) આવાસ મેળવનારે કન્વેયન્સ ડીડ, બેંક લોન મોર્ગેજ, લોન ચાર્જીસ, લોન વ્યાજ, PGVCL ડીપોઝીટ, ગેસ કનેકશન તથા અન્ય લાગુ પડતા વેરા સહિતનો તમામ આનુસંગિક ખર્ચ ભોગવવાનો રહેશે. ધિરાણ મેળવનાર લાભાર્થીએ કન્વેયન્સ ડીડ થયા બાદ કન્વેયન્સ ડીડની સાથો સાથ મેળવેલ ધિરાણના અનુસંધાનમાં પોતાના ખર્ચે મોર્ગેજ કરાવવાનું રહેશે. બેન્ક લોન લેતા સમયે RMCમાં લાભાર્થીના ખર્ચે ત્રિપક્ષીય કરાર કરી આપવામાં આવશે. વ્યાજના ફાયદા માટે કે અન્ય કોઈ કારણોસર જો બેન્ક બદલવાની હશે તો તે બંને બેન્કોની પરસ્પર સમજૂતીથી અરજદારના ખર્ચે કાર્યવાહી કરવાની રહેશે.

(૩૦) કોઈપણ કિસ્સામાં સાત વર્ષ પછી મૂળ લાભાર્થી સિવાય અન્યને ભાડૂઆત હક્ક તબદીલ કરવાના થાય ત્યારે RMC વખતોવખત નક્ કી કરે તે ટ્રાન્સફર ફી ભરવાની રહેશે. RMC ની જાણ વગર નામ તબદીલ અંગે કરવામાં આવેલ તમામ કરારો રદપાત્ર ગણાશે તથા તેનું કોઇ કાનુની અસ્તિત્વ ગણાશે નહીં.

(૩૧) યોજનાને લગતી તમામ બાબતો પરત્વે ન્યાયનું ક્ષેત્ર રાજકોટ રહેશે.

અરજીમાં જણાવેલ હકીકત મારી જાણ અને માન્યતા મુજબ ખરી છે અને તે મને તથા કુટુંબના સભ્યોને બંધનકર્તા રહેશે. આ યોજના હેઠળ મેં કરેલ અરજી અંગે યોજનાના નિયમો તથા આ ફોર્મના પરિશિષ્ટ-૧ની તમામ શરતો વાંચી/સમજી તેની રાજીખુશીથી કબુલાત કરું છું.

આ યોજના હેઠળ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફાળવવામાં આવનાર આવાસ પૈકી નક્કી થયેલ કિંમત નિયત કરેલ હપ્તામાં અને નિયત સમયમાં ભરપાઇ કરવા સંમત છીએ.

વિશેષમાં અમો જણાવીએ છીએ આ આવાસ યોજનામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્કીમનાં પ્લાન કે બાંધકામ કે યોજનામાં કોઈ ફેરફાર કરશે તે અમોને બંધનકર્તા રહેશે તે અંગે અમો દાવો કે વળતરની માંગણી કરી શકીશું નહીં અને રાજકોટ મહાનગરપાલિકાની જે કાંઇ શરતો સાર્વજનિક હિતમાં ઠરાવે તે અમોને કબુલ મંજૂર રહેશે.

યોજના અંગે રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી ગણવામાં આવશે તથા સર્વેને બંધનકર્તા રહેશે. આ અંગેની શરતો અથવા પ્રક્રિયા બાબતે વિવાદ થાય તેવા કિસ્સામાં RMC ના કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે મને કબૂલ મંજૂર રહેશે અને તે અંગે કોઈપણ જાતનો વાદ-વિવાદ કરીશ નહીં.

સહ અરજદારનું નામ તથા પુરી સહી **અરજદારનું નામ તથા પુરી સહી**

(રૂા. ૧૦૦/- ના સ્ટેમ્પ ઉપર નોટરી મારફતે નીચે દર્શાવેલ નમુના મુજબ સોગંદનામું કરી અલગથી રજૂ કરવાનું રહેશે.)

પરિશિષ્ટ-૨

સોગંદનામું

આથી હું નીચે સહી કરનાર શ્રી / શ્રીમતી ____________________

ઉંમર વર્ષ __________ ધંધો ____________________

રહેવાસી ગામ ____________________

તાલુકો ____________________ જિલ્લો : રાજકોટ

આથી સોગંદનામા દ્વારા નીચે પ્રમાણે અંતઃકરણપૂર્વક જાહેર કરું છું અને પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે

૧. સમગ્ર ભારતમાં કોઈપણ વિસ્તારમાં મારા / મારા પત્નિ/પતિ કુટુંબના કોઈપણ સભ્યના નામે રહેણાંકનું મકાન, ફ્લેટ, પ્લોટ કે સરકારી કાયદા હેઠળ કોઈ કો.-ઓ. સોસાયટીમાં કે અન્ય ભાડા ખરીદ યોજના હેઠળ માલીકીનું મકાન કે ફ્લેટ નથી.

૨. મારી તથા મારા કુટુંબની સને ૨૦૧૮-૧૯ની બધા સાધનોમાંથી વાર્ષિક આવક રૂા. __________ અંકે રૂપિયા ____________________ છે.

૩. હું ____________________ જાતિની વ્યક્તિ છું. RMC તરફથી ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે ફાળવવામાં આવનાર આવાસો અંગે જે નીતિ નિયમો નક્કી કરવામાં આવ્યા છે. તે મને બંધનકર્તા છે અને ભવિષ્યમાં તેમાં જે ફેરફારો આવશે તે મને બંધનકર્તા રહેશે.

૪. ફાળવવામાં આવેલ આવાસના હપ્તા હું નિયમ મુજબ સમયસર ભરી આપીશ.

૫. આર્થિક રીતે નબળા વર્ગના લોકોની આ યોજના હેઠળ રચવામાં આવતાં એસોસીએશનનો હું સભ્ય થવા સમંત થાઉં છું અને તેના નીતિ નિયમોનું પાલન કરીશ.

૬. મને જે આવાસ ડ્રોમાં ફાળવવામાં આવશે તે બદલવા માટે હું અરજી કરીશ નહીં.

૭. આવાસની સોંપણી છેલ્લો હપ્તો, મેઇન્ટેનન્સ તથા કન્વેયન્સ ડીડ થયા બાદ કરવામાં આવશે. જેની મને જાણ છે, આ બાબતે કોઈપણ ફેરફાર બાબતે હું વાંધો તકરાર કરીશ નહીં.

૮. RMC દ્વારા પત્ર મલ્યા બાદ દિવસ-૧૫માં હું RMC દ્વારા નક્કી કરવામાં આવેલ એડવોકેટ પેનલ પાસેથી ભાડા કરાર કરાવી લઇશ. અન્યથા RMC એ ફાળવેલ આવાસ રદ કરવામાં આવશે, જેની મને જાણ છે.

૯. આવાસની ફાળવણી બાદ હું સાત વર્ષ સુધી અથવા લોનનું ચૂકવણું પૂર્ણ થાય ત્યાં સુધી બેમાંથી જે મોડું હોય તે સમયગાળા સુધી હું આવાસ લીઝ ઉપર આપીશ નહીં/વેચાણ કરીશ નહીં/ગીરો મુકીશ નહીં/આવું કૃત્ય કરીશ નહીં.

૧૦. મારી તથા મારા કુટુંબના સભ્યોની આધાર કાર્ડની વિગતો સરકારશ્રીના MIS પોર્ટલમાં ચડાવવા માટે હું સહમતિ આપું છું.

૧૧. ઉપરોકત વિગત પૈકી કોઈ વિગતો ખોટી ઠરે તો રાજકોટ મહાનગરપાલિકા જે કોઇ નિર્ણય લેશે તે મને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે અને RMC ના નિર્ણય સામે હું કોઇ કાયદાકીય કાર્યવાહી કરીશ નહીં.

ખોટું સોગંદનામું કરવું ફોજદારી ગુનો બને છે તેની મને જાણ છે.

સ્થળ :

તારીખ :

સહ અરજદારનું નામ તથા પુરી સહી **અરજદારનું નામ તથા પુરી સહી**

રાજકોટ મહાનગરપાલિકા

યોજનાની મુખ્ય વિશેષતાઓ...

- ✓ આકર્ષક એલીવેશન
- ✓ ભૂકંપ પ્રતિરોધક બાંધકામ
- ✓ વીટ્રીફાઈડ ટાઈલ્સ ફ્લોરીંગ
- ✓ માર્બલ/ગ્રેનાઈટનું કિચન પ્લેટફોર્મ
- ✓ એનોડાઈઝ એલ્યુમીનીયમ ગ્લાસ વિન્ડોઝ
- ✓ મુખ્ય દરવાજો લેમીનેટેડ ફ્લશ ડોર
- ✓ શોપિંગ માટે દુકાનોનું આયોજન
- ✓ વિશાળ પાર્કિંગ, અગ્નિ શમનની વ્યવસ્થા
- ✓ કેમ્પસમાં રસ્તા, ગટર, પાણી, ગેસ લાઈન, રેઈન વોટર હાર્વેસ્ટીંગની વ્યવસ્થા
- ✓ પાર્કિંગમાં તેમજ અન્ય જરૂરી જગ્યાએ કોટા/ટાઈલ્સ ફ્લોરીંગ
- ✓ કમ્પાઉન્ડ વોલ, લેન્ડ સ્કેપીંગ, સાઈટ ડેવલોપમેન્ટની વ્યવસ્થા
- ✓ નિયમ મુજબ સ્ટાન્ડર્ડ કંપનીની લીફ્ટની સગવડ
- ✓ કોમન પ્લોટ તથા ગાર્ડન અને બાલક્રિડાગણ
- ✓ હાઈરાઈઝ બિલ્ડીંગમાં કોમન યુટીલીટીઝ માટે જનરેટરની વ્યવસ્થા
- ✓ સમગ્ર પરીસરમાં દરેક ફ્લેટને સિક્યુરીટી કેબીન સુધી ઈન્ટરકોમ વાયરીંગની સુવિધા.

નોંધ : ઉપરોક્ત દર્શાવેલ સુવિધાઓની બાબતોમાં કોઈપણ ફેરફાર અંગે રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય અંતિમ રહેશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પૂર્ણ કરાયેલ અન્ય આવાસ યોજનાઓ